Shri Krishna TOURISM
Address:- FF-124, Vrindavan Hieghts, Nr. Vrindavan Mall, Parivar Crossing,Waghodia Road,Vadodara.
Mob: 9825568692/7227999777.

**બસ કે અન્ય વેહિકલ ભાડે કરતા પાર્ટી ને લગતા નિયમો અને શરતો લાગુ :**

1. બસ કે અન્ય વેહિકલ માં રોજ ના 300 કી.મી નું મિનિમમ એવરેજ આપવાનું રહેશે.

2. કુલ ભાડા ની 50% રકમ ગાડી બુક કરાવતી વખતે એડવાન્સ આપવાની રહેશે,તેમજ બાકી ની રકમ ડ્રાઈવર ને ચૂકતે આપી દેવાની રહેશે.

3. બસ ભાડે રાખનાર ઈસમે છેલ્લા સમય માં બસ કે ટુર કેન્સલ કરશે તો તેમને કુલ ભાડા 50% રકમ ચુકવાણી રહેશે.

4. બસ કાચા કે સાંકડા રસ્તે જશે નહિ, મોટા શહેર માં બસ ની નો એન્ટ્રી હોવાને કારણે લોકલ સીટી નું સાઈટ સીન જાતે સ્વખર્ચે કરવાનું રહેશે. સરકાર શ્રી અને નામદાર સુપ્રીમ કોર્ટ તરફ થી સ્પીડ લિમિટ માટેનો નવો રૂલ્સ આવ્યો છે જેથી અમારી કોમર્શિયલ વાહન માં સ્પીડ ગવર્નર્સ ફિટ કરવામાં આવેલ છે માટે અમારી નાની ગાડી માં ૮૦ કિમી તથા મોટી ગાડી માં ૬૦ કી.મી મેક્સિમમ સ્પીડ બાંધેલ છે માટે એમાં કોઈ પણ જાત ની ફરીયાદકરવાની રહેશે નહિ. અમો ગુગલ મેપ ના કિમી અને ટાઈમ માન્ય રાખતા નથી.

5. બસ માં પ્રવાસ કરનાર ના નામ / ઉંમર / એડ્રેસ / મોં.નં. લીસ્ટ બનાવી ને પ્રવાસ ના 3 દિવસ પહેલા આપવાનું રહેશે,અને જો ટાઈમ પર આરટીઓ તરફ થી પરમીટ આપવામાં કોઈ વિલંબ આવશે તો તેની જવાબદારી ગાડી માલિક ની રહેશે નહિ.અને તેની કોઈ પણ જાત ની નુકસાની આપવામાં આવશે નહિ.

6. બસ માં સીટિંગ કેપેસીટી પ્રમાણે પેસેન્જર બેસાડવાના રહેશે અને વધારા ના પેસેન્જર હશે તો ગાડી માલિક ની જવાબદારી રહેશે નહિ, અને બસ માં પેસેન્જર તરફ થી કોઈ નુકસાની કરવામાં આવશે તો બસ ભાડે કરનાર ઈસમે નુકસાની બસ માલિક ને આપવાની રહેશે.

7. બસ અમારી કંપની કે અમારી અંદર ચાલતી ટ્રાવેલ્સ કંપની ની રહેશે,બસ માં ડ્રાઈવર / કંડક્ટર / ને જમાડવાની જવાબદારી પાર્ટી ની રહેશે, અને રોજ ના ભથ્થા ના રૂા.400/- પ્રમાણે આપવાના રહેશે.

8. બસ માં બહાર ના સ્ટેટ નો ટેક્ષ / ટોલ ટેક્ષ / યાત્રાળુ વેરો / એન્ટ્રી પાર્ટી એ આપવાની રહેશે,બસ માં ટેપ / ટીવી / ઈલેક્ટ્રીક વાયરિંગ થી ચાલતું હોઈ અને બગડે તો તેની કોઈ જવાબદારી બસ વાળા ની રહેશે નહિ, સમય મળે રિપેરિંગ કરી આપવામાં આવશે,આ બધી ફેસિલીટી મરજિયાત છે.અને એસી બસ માં એસી બગડે તો સ્થળ મળે રિપેરિંગ કરાવી

આપવામાં આવશે જે સ્થળ થી એસી બંધ હોઈ ત્યાંથી નોન એસી પ્રમાણે નો હિસાબ કરી લેવો તેમાં કોઈ પણ જાત ની તકરાર કરવી નહિ.અને ઉભેલી બસ માં એસી ચાલુ રહે નહિ જેની ખાસ નોંધ લેવી.

9. બસ ની અંદર કોઈ પણ જાત ની નશીલી કે કેફી પદાર્થ લઇ ને બેસવું નહિ અને કોઈ પણ આવી વસ્તુ લઇ ને પકડાશે તો સદન્તર જવાબદારી ગાડી ભાડે રાખનાર ની રહેશે.અને તેમના વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

10. સરકાર શ્રી તરફ થી ડીઝલ / વીમો / ટેક્ષ જે પણ વસ્તુ નો વધારો થાય તો તે પાર્ટી એ મજરે આપવાનો રહેશે.બસ કોઈ પણ હિલ સ્ટેશન પર સાઈટ સીન કે કોઈ પણ કાચા રસ્તે કે જંગલ ના રસ્તે ગાડી જશે નહીં તેની ખાસ નોંધ લેવી.

11. બસ માં પ્રવાસીઓના પોત પોતાના સામાન ની જવાબદારી પ્રવાસીઓની રહેશે,જયારે પેસેન્જર બસ માંથી ઉતરે ત્યારે સામાન તપાસી ને ઉતરવું પાછળ થી અમારી કોઈ જવાબદારી રહેશે નહિ અને તે અંગે કોઈ પણ નુકસાની કે વળતર આપવામાં આવશે નહિ.અને બસ રસ્તા માં બગડે અને બીજી બસ કરવાની થાય અને અમારા ભાડા કરતા ત્યાંના ભાડા માં વધારો હોઈ તો તે વધારાના રૂપિયા પાર્ટી એ આપવાના રહેશે.તેમાં કોઈ પણ જાત ની તકરાર ચાલશે નહિ.

12. રોડ ટ્રાફિક / બસ અકસ્માત / ટેકનીકલ ખરાબી તથા અન્ય કોઈ કારણોસર પ્રવાસ માં મોડું થાય અને કોઈ સ્થળે ના જવાય તો તે અંગે કોઈ પણ જાતનું રિફંડ મળશે નહિ.

13. કુદરતી આફત ના સમયે થયેલ નુકસાન માટે બસ માલિક જવાબદાર રહેશે નહિ.

14. બસ માં ડ્રાઈવર / કંડક્ટર સાથે વિનમ્રતા થી વર્તવું, એ તમારા સેવક છે. જેટલો સહકાર આપશો તેટલો સુંદર પ્રવાસ રહેશે.

15. બસ જે દિવસ માં જોઈતી હોય તે દિવસે રાત્રે 10 થી 11 વાગે મળશે.અને વહેલી જોઈએ તો તે દિવસ નું રોજ નું એવરેજ પ્રમાણે ગણાશે.

16. બસ માં પેસેન્જર ને ડ્રાઇવર થી કે બસ માં તકલીફ હોય તો જે તે સમયે જણાવવાનું રહેશે તો તેનું નિરાકરણ જે તે સમયે કરી આપવામાં આવશે પ્રવાસ પૂરો કર્યા પછી કોઈ પણ પ્રકારની તકલીફ કહેશો તો એનું કોઈ નિરાકરણ અમારી પાસે નહિ હોય.

17. હેડ ઓફિસ વડોદરા તથા વડોદરા કોર્ટ ને આધીન બુકીંગ થાય છે.

પ્રવાસ એટલે અગવડો વેઠવાની બાદશાહી ઢબ.................

આ બધી શરતો અમો ગાડી ભાડે રાખનાર ઈસમ ને માન્ય છે.

આભાર સહ.

PARTY SIGN